RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૫૨૯ તા.૨૯–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)શું એક જ દુકાનમાં ઝેરી રસાયણો(કેમીકલ) જેવા કે એસીડ,ફીનાઈલ,કલીનીંગ,દ્રાવણો તથા અન્ય કેમીકલ ખાદ્યપદાર્થો જેવા કે પાઉ,બિસ્કીટ,ફરસાણ(તૈયાર) તથા અન્ય ખાદ્યપદાર્થો બી.પી.એમ.સી. એકટ તેમજ આરોગ્ય અધિનિયમ હેઠળ વેચી શકાય ? વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૯/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)શું એક જ દુકાનમાં ઝેરી રસાયણો(કેમીકલ) જેવા કે એસીડ,ફીનાઈલ,કલીનીંગ,દ્રાવણો તથા અન્ય કેમીકલ ખાદ્યપદાર્થો જેવા કે પાઉ,બિસ્કીટ,ફરસાણ(તૈયાર) તથા અન્ય ખાદ્યપદાર્થો બી.પી.એમ.સી. એકટ તેમજ આરોગ્ય અધિનિયમ હેઠળ વેચી શકાય ? વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ / આ.નં./૧૬૭૩ તા.૮–૧૨–૧૧ તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરના પત્ર નં. જાવક નં. પીએચડી / ફુડ / ૯૬૦ તા. ૩૦–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત વિશેષતઃ અરજદારના અપીલમાનાં સંયુકત વેચાણના દાવા અંગે વૈધાનિક જોગવાઈ નકલ સહ રજૂ કરવા** વધુમાં અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પ્રસ્તાવ અનુસાર ફી ભરી દસ્તાવેજો મેળવેલ છે કે કેમ ? તે અંગે પણ હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૭ તા.૧૧–૧–૧૨ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના તા. ૮–૧૨–૧૧ તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરના તા. ૩૦–૧૧–૧૧ના પત્રોથી આપેલ માહિતી ફી ભરી દસ્તાવેજ મેળવી લેવાના પ્રસ્તાવ બાદ દસ્તાવેજ–નકલો મેળવેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા ત્યાર બાદ નારાજગી હોય તો આધાર સહ વિગત રજૂ કરવા સાથે તેમણે મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૦૯ તા.૦૯–૦૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૭૩ તા.૮–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગની જાવક/પીએચડી/ફુડ/૯૬૦ તા.૩૦–૧૧–૧૧ ની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૧–૧૧–૧૧ ની અરજીથી એક દુકાનમાં કેમીકલ અને ઝેરી રસાયણો વેચી શકાય તેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી અંશતઃ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રોઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૭૩ તા.૮–૧૨–૧૧ થી સમય મર્યાદામાં મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૯૬૦ તા.૩૦–૧૧–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧)શું એક જ દુકાનમાં ઝેરી રસાયણો(કેમીકલ) જેવા

કે એસીડ,ફીનાઈલ,કલીનીંગ,દ્રાવણો તથા અન્ય કેમીકલ ખાદ્યપદાર્થો જેવા કે પાઉ,બિસ્કીટ,ફરસાણ(તૈયાર) તથા અન્ય ખાદ્યપદાર્થો બી.પી.એમ.સી. એકટ તેમજ આરોગ્ય અધિનિયમ હેઠળ વેચી શકાય ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સંસ્થાની નોંધણી મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ હેઠળ કરવામાં આવતી હોય સેન્ટ્રલઝોનને લાગુ પડતી નથી. ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ ૧/૨/૩/૪ તથા સુરત મ્યુનીસીપલ રૂલ્સના ચેપ્ટર–૯ રૂલ–૨૨૫ (અ) અનુસાર પરવાનો આપવામાં આવે છે લાયસન્સ જે આપવામાં આવે છે તેની પુસ્તીકા બુકમાં ખાદ્ય અને અખાદ્ય પદાર્થની વિગત દર્શાવવામાં આવેલ છે. જે બંને પુસ્તીકાના કુલ પાના નંગ–૨૪ ના રૂા.૪૮/– ભર્યેથી નકલની કોપી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) કયા અધિનિયમ હેઠળ કેમીકલ સ્ટોર્સ અને પ્રોવિઝન સ્ટોર્સની કામગીરી એક જ દુકાનમાં ચલાવી શકાય? તે જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ ૧/૨/૩/૪ તથા સુરત મ્યુનીસીપલ રૂલ્સના ચેપ્ટર–૯ રૂલ–૨૨૫ (અ) અનુસાર પરવાનો આપવામાં આવે છે લાયસન્સ જે આપવામાં આવે છે તેની પુસ્તીકા બુકમાં ખાદ્ય અને અખાદ્ય પદાર્થની વિગત દર્શાવવામાં આવેલ છે. જે બંને પુસ્તીકાના કુલ પાના નંગ–૨૪ ના રૂા.૪૮/– ભર્યેથી નકલની કોપી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) શું એક જ દુકાનમાં ઝેરી રસાયણો (કેમીકલ ) જેવા કે એસીડ, ફીનાઈલ, કલીનીંગ દ્રાવણો તથા અન્ય ફરસાણ (તૈયાર) તથા અન્ય ખાદ્ય પદાર્થો બીપીએમસી એકટ તેમજ આરોગ્ય અધિનિયમ હેઠળ વેચી શકાય? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ ૧/૨/૩/૪ તથા સુરત મ્યુનીસીપલ રૂલ્સના ચેપ્ટર–૯ રૂલ–૨૨૫ (અ) અનુસાર પરવાનો આપવામાં આવે છે લાયસન્સ જે આપવામાં આવે છે તેની પુસ્તીકા બુકમાં ખાદ્ય અને અખાદ્ય પદાર્થની વિગત દર્શાવવામાં આવેલ છે. જે બંને પુસ્તીકાના કુલ પાના નંગ–૨૪ ના રૂા.૪૮/– ભર્યેથી નકલની કોપી મળી શકશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ ની જોગવાઈઓ મુજબ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ખાદ્ય પદાર્થો જોડે કેમીકલને રાખવામાં આવે તો ખાદ્યપદાર્થો ને તેની વરાળ લાગે અને નાગરિકોનું આરોગ્ય જોખમાય તો તકેદારીરૂપે કયા પ્રકારના પગલાઓ લેવા જોઈએ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ખાદ્ય પદાર્થો જોડે કેમીકલ રાખવામાં આવે છે અને આવા કેમીકલના અયોગ્ય પેકીંગ અને સંગ્રહને કારણે જો ખાદ્ય પદાર્થો દુષિત થતા માલુમ પડે તો તેવા સંજોગોમાં આવા કેમીકલ સંગ્રહ વેચાણ બંધ કરાવી શકાય. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી સંસ્થામાં ખાદ્ય તથા બીન ખાદ્ય પદાર્થો એક બીજાના સંપર્કમાં ન આવે તે રીતે રાખવા જોઈએ. તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે દુકાનદાર શાના આધારે પરવાના વિના વેચાણ કરી શકે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સેમ્પલ ના નમુનાઓ લઈ કાર્યવાહી નથી કરાતી. કેમીકલનું વેચાણ અને પ્રોવિઝન. સ્ટોર્સ એક દુકાનમાં વેચાણ કરે શકે તેવી જોગવાઈ બાબત હેઠળના અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નોની રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પૂરી પડાયેલ હોઈ તેમજ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર તદનુસાર નાણા ભરી દસ્તાવેજ મેળવી લેવા સ્વતંત્ર છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી(ફુડ) ...જાણ તથા અમલ માટે

(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી,